# શહેરમાં પોણા બે ઈંચ વરસાદ

**સેકટરો પાણીમાં ઘમરોળાયા : સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો : સતત ત્રીજા દિવસે પણ વરસાદ વરસતાં આકરી ગરમીમાં નગરજનોને રાહત : શહેરમાં સિઝનનો ૧૧ ઈંચ વરસાદ : શુક્રવારે મોડી રાત્રે વિજકડાકા સાથે મેઘરાજાએ બઘડાટી બોલાવી**





ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી વાયરો યથાવત છે. શહેરમાં સતત ત્રીજા દિવસે મેઘ મહેર યથાવત રહી હતી. અષાઢ અને શ્રાવણ કોરોધાકોર રહ્યા બાદ ભાદરવો ભરપુર વરસે તેવી આશ સેવાઈ રહી છે ત્યારે ગઈકાલે રાત્રિના પણ શહેરમાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો. પોણા બે ઈંચ વરસાદના અંતે સેકટરો વરસાદી પાણીમાં ધમરોળાયા હતા. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા. અત્યાર સુધી શહેરમાં સિઝનનો કુલ ૧૧ ઈંચ વરસાદ થયો છે. વરસાદી મોસમ નિખરતા સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ વિકરાળ બની રહી છે. શહેરમાં વરસાદી મોસમ નિખરી છે. અષાઢ અને શ્રાવણ કોરાધાકોર વિત્યા બાદ હાલ ભાદરવા પ્રારંભે મેઘરાજા મુડમાં આવ્યા છે. રોજબરોજ હળવા ભારે ઝાપટા સાથે શહેરમાં સતત ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. બે દિવસ અગાઉ પણ શહેરમાં દોઢ ઈંચ વરસાદ વરસવાથી ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. ગઈકાલે દિવસ દરમિયાન પણ શહેરમાં અડધા ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે શુક્રવારની રાત્રિએ પણ વરસાદી મોસમ નિખરી હતી. મોડી રાત્રે અચાનક જ આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો ગાજવીજ સાથે વરસી પડયા હતા. વિજકડાકા અને ચમકારા સાથે મોડી રાત્રે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. રાત્રિના સમયે ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ જયારે સવારના સમયે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાતા જોવા મળ્યા હતા. પોણા બે ઈંચ વરસાદના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જયારે નગરના મુખ્યમાર્ગો પર નિચાણવાળા વિસ્તારમાં પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. સતત વરસાદી માહોલના લીધે નગરમાં ભીંજારાની મોસમ નિખરી છે. પોણા બે ઈંચ વરસાદમાં શહેર આખુ વરસાદમાં ઘમરોળાયુ હતુ. નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના રીંગ રોડ પર વહેલી સવારે વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. જયારે સવારે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા ચાલુ રહેતા નગરજનોએ વરસાદી મોસમની મજા માંણી હતી. શહેરમાં છેલ્લા ઘણાં દિવસથી આકરી ગરમીથી નગરજનો બેબાકળા બની ગયા હતા. જયારે છેલ્લા ત્રણ દિવસથી વરસાદી વાયરો યથાવત રહેતા શહેરીજનોએ આકરા બફારામાં પણ રાહત અનુભવી છે. શહેરમાં વરસાદી નઝારો નિખરતા વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. શહેરમાં ગઈકાલ સુધી સિઝનનો ૯ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો જયારે ગઈકાલે રાત્રિના અને આજે દિવસ દરમિયાન વરસાદી ઝાપટાના અંતે શહેરમાં સિઝનનો હવે કુલ ૧૧ ઈંચ વરસાદ થયો છે. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ હજુ આગામી બે ચાર દિવસ વરસાદ આવવાની સંભાવના છે.

વરસાદી મોસમ નિખરવાની સાથે સેકટરોમાં ડોકીયા કરતી સમસ્યાઓએ પણ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચ્ચડ અને ગંદકી જોવા મળી રહ્યા છે. જયારે પાણીનો ભરાવો થતા મચ્છર ઉત્તપ્તિ સ્થાનો પણ વધ્યા છે. મોંઘેરા મેઘરાજા મોડે મોડે મહેરબાન થતા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

## રેલવે અન્ડર પાસમાં જળબંબાકારના દ્રશ્યો : વાહનચાલકો અટવાયા

શહેરમાં ભારે વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા જયારે સેકટરોના કોમન પ્લોટમાં પણ કેટલાક ઠેકાણે તળાવ અસ્તિત્વમાં આવ્યુ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. બીજીતરફ શહેરના ઘ-૪ પાસે સ્થિત અન્ડર પાસમાં પણ પાણી ભરાયુ હતુ. જયારે રેલવે સ્ટેશનને અનુલક્ષી ક થી ખ માર્ગને જોડતા અન્ડર પાસમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. વાહનચાલકોએ આ માર્ગ પર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ. રાત્રિના સમયે ભારે વરસાદના લીધે અન્ડર પાસમાં પાણી ભરાઈ જતા આખો માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. શહેરમાં અન્ડર પાસની કામગીરી દરમિયાન પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવી હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. આ ઉપરાંત પ્રવેશદ્વાર પાસે સ્થિત ફલાય ઓવર નીચેના ક્રોસ રસ્તામાં પણ પાણી ભરાઈ જતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી.

## માટી પોલાણ અને ગાબડાના લીધે સેકટરામાં વાહનચાલકો માટે ખતરો

એકબાજુ વરસાદી મોસમ નિખરી છે જેના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ વિકરાળ બની છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક બનાવાની કામગીરી પણ ચાલી રહી છે જેના લીધે માર્ગો પર આસપાસ ખોદકામ થયુ હોવાના લીધે ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓને પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. બીજીતરફ સેકટરોમાં ટોરેન્ટ સહીત વિવિધ એજન્સીઓ દ્વારા ખોદકામ હાથ ધરાયા બાદ યોગ્ય રીતે માટી પુરાણ ન કરાતા વરસાદના લીધે માટી પોલાણ થતા જોખમી દ્રશ્યો સર્જાયા છે. વરસાદી દિવસોમાં અનેક ઠેકાણે વાહનોના ટાયર માટી પોલાણમાં ફસડાતા વાહનચાલકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

## ગ-માર્ગ પર અન્ડરપાસની સાઈટ પર માટી ધસી







શહેરમાં ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરી દેવાયા બાદ હાલ નગરના મુખ્ય ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાનુ કામ ચાલી રહ્યુ છે. અગાઉ તાઉતે વાવાઝોડા દરમિયાન તોફાની વરસાદમાં અન્ડર પાસને અનુલક્ષી ખોદાયેલા ખાડામાં પણ પાણી ભરાયા હતા. જયારે ગઈકાલે રાત્રિના ધોધમાર વરસાદના અંતે ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી ખોદકામ કરવામાં આવ્યુ હતુ તે સ્થળે માટી ધસી પડી હતી. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી.

## સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં જ સિઝનનો ૨૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લામાં સપ્ટેમ્બર માસના ૮ જ દિવસમાં ૨૦ ટકાથી પણ વધુ વરસાદ થતાં અને હજુ વરસાદી માહોલ યથાવત્ રહેતાં ખુશીનો માહોલ સમગ્ર જિલ્લામાં જોવા મળી રહ્યો છે.



ગઈકાલે સવારથી જ આજ સવારના ૬ સુધીમાં જિલ્લામાં સરેરાશ ૪૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં રાત્રે દહેગામમાં ૯ મી.મી., ગાંધીનગરમાં ૩૯ મી.મી., કલોલમાં ૭૭ મી.મી., માણસામાં ૪૧ મી.મી. વરસાદ આજ સવાર સુધીમાં નોંધાયો હતો.

ગાંધીનગર સહિત ચારેય તાલુકામાં પણ આજે સવારથી વરસાદી ઝાપટા નોંધાયા હતા. દહેગામમાં આજે સાંજે ૮ વાગ્યા સુધીમાં ૨૪ મી.મી., કલોલમાં ૧૫ મી.મી. અને ગાંધીનગરમાં ૧ મી.મી. વરસાદી ઝાપટા નોંધાયાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં વરસાદી માહોલ આ સપ્ટેમ્બર માસમાં જામ્યો છે અને હજુ પણ સારો વરસાદ થશે તેવુ ખેડૂતોનું માનવુ છે.

જિલ્લામાં ઓગષ્ટ માસમાં ૨૭.૯૯ ટકા સિઝનનો વરસાદ નોંધાયો હતો પરંતુ સપ્ટેમ્બરના નવ દિવસમાં જ ૨૦ ટકા જેટલો વરસાદ નોંધાતા જિલ્લામાં ચોમાસુ જામ્યાનું ખેતરોમાં પાક લ્હેરાતો જોવા મળી રહ્યો છે.

## ગુડાના રાયસણ સ્થિત આવાસોમાં વરસતા વરસાદમાં કમ્પાઉન્ડ વોલ ધરાશાયી

**સદનસીબે કોઇને ઇજા ન થઇ : ગુડાના આવાસોની જાળવણીના અભાવે દિવાલોમાંથી પણ ભેજ ઉતરી રહ્યો છે : રહીશો પરેશાન**

ગાંધીનગર તા ૧૧

ગુડાના રાયસણ સ્થિત આવાસોમાં જાળવણીના નામે મીંડુ છે. જેના લીધે રહીશોન અનેક દુવિધાઓનો સામનો કરવો પડે છે. વરસાદી દિવસોમાં પણ ગુડાના રહીશોએ અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ગુડાના આવાસમાંથી ભેજ ઉતરતા રહીશો આમ પણ પરેશાન છે ત્યારે ગઈકાલે રાત્રિના વરસાદી સંજોગોમાં રાયસણની ઉપરનંબરની આવાસ યોજનાની કમ્પાઉન્ડ વોલ ધરાશાયી થઈ હતી. જો કે સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી.



ગાંધીનગરમાં વરસાદી મોસમ નિખરતા ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવા વચ્ચે સમસ્યાઓ સર્જાઈ છે. જયારે વરસાદી પાણીના ભરાવા સાથે સેકટરોમાં ખોદકામ પ્રવૃતિના લીધે માટી પોલાણ થવાથી જોખમી સ્થિતિ પણ ઉભી થવા પામી છે. ગુડા વિસ્તારમાં પણ અનેક ઠેકાણે વરસાદી મોસમમાં માટી પોલાણ અને માર્ગો પર ગાબડા જોવા મળે છે .ગુડાની રાયસણ સ્થિત ઉપર નંબરની આવાસ યોજનામાં કમ્પાઉન્ડ વોલ ધરાશાયી થતા રહીશોમાં ગભરાટ પ્રવર્તયો હતો. ગઈકાલે રાત્રિના વરસાદ દરમિયાન ગુડાની આવાસ યોજનાના ફરતે નિર્માણ કરાયેલી વોલ જમીનદોસ્ત થઈ હતી. જો કે આ દરમિયાન કોઈને ઈજા થવા પામી ન હતી. વરસાદી દિવસોમાં ગુડાના આવાસ યોજનામાં રહેતા રહીશોની હાલત વધુ કફોડી બની છે. આમ પણ આવાસ યોજનાની

● અનુસંધાન પાન-૭ પર

## સરકારી કચેરીમાં પણ કચરો સેગ્રીગેશન કરેલો નહિ હોય તો નહિ સ્વીકારાય

**કમિશનરે તંત્રના અધિકારીઓને આવી કચેરીમાં જઈ સૌને સમજૂત કરવા સૂચના આપી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે વિવિધ ખાતાઓના વડાઓની આવેલી કચેરીઓના અધિકારીઓને પણ સેગ્રીગેશન કરેલો કચરો અલગ રાખવા માટે ખાસ તાલિમ આપશે અને તો જ કચરો સ્વીકારવામાં આવશે તેવી તાકીદ કરશે.

**તાજેતરમાં કેટલાક ખાતાઓના વડાઓની કચેરીમાંથી કચરો સેગ્રીગેશન કરી નહિ અપાતો હોવાની ફરિયાદ કમિશનર સુધી પહોંચી હતી. કર્મચારીઓ બપોરના લંચ પછી અને ઓફિસનો કચરો એક જ જગ્યાએ ઠાલવતા હોય છે.**

ગાંધીનગર મનપા વિસ્તારમાં સેગ્રીગેશન કરેલો જ કચરો સ્વીકારવાના મનપાના નિર્ણય સામે એક તરફ જન આંદોલન ધીમી ગતિએ ચાલી રહ્યુ છે. શહેરમાં રોજ ઉત્પન્ન થતા કચરા કરતાં માત્ર ૩૫ ટકા જેટલો જ કચરો એકત્ર થઈ રહ્યો છે.

તાજેતરમાં કેટલાક ખાતાઓના વડાઓની કચેરીમાંથી કચરો સેગ્રીગેશન કરી નહિ અપાતો હોવાની ફરિયાદ કમિશનર સુધી પહોંચી હતી. કર્મચારીઓ બપોરના લંચ પછી અને ઓફિસનો કચરો એક જ જગ્યાએ ઠાલવતા હોય છે.

આ પછી કમિશનર ડૉ. ધવલ પટેલે શાખાધિકારીઓની બેઠકમાં આ મુદ્દો ઉપાડી અને ચર્ચા કરી હતી.

તેમણે આ મુદ્દે સેગ્રીગેશન કરેલો કચરો અલગ જ રાખવાનો આગ્રહ ચાલુ રાખ્યો હતો અને મનપાના અધિકારીઓને આ માટે કચેરીઓની મુલાકાત લઈ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવા તેમજ કર્મચારીઓને આ બાબતે શિક્ષિત કરવા માટે ખાસ સૂચના આપી હોવાનું જાણવા મળેલ છે.

મનપાની પોતાની કચેરી સહિત ઘણી બધી કચેરીઓમાં જ આવી સ્થિતિ પ્રવર્તતી હોવાનું કમિશનરના ધ્યાને આવ્યુ છે. ગાંધીનગરમાં કેટલીક કચેરીઓ દ્વારા કચરો લેવા મનપાની ગાડી ના આવતાં કચરાના ઢગલા ખડકી દીધા છે.

ગાંધીનગરની કેટલીક કચેરીઓના કમ્પાઉન્ડમાં કચરો સળગાવવામાં આવ્યાની હકીકતો પણ ચર્ચામાં આવી હોવાથી તંત્ર ગંભીર બન્યુ છે.

## જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૩મીએ યોજાશે

**વિપક્ષ આક્રમક મૂડમાં : વિકાસ કામોને વહીવટીય મંજૂરીનો મુદ્દો ચર્ચામાં કેન્દ્રસ્થાને રહેશે તેવું અનુમાન**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવીન મકાન બાંધકામ માટેના સ્થળની પસંદગી અંગેના વિકલ્પોને લઈ આગામી ૨૩મી સપ્ટેમ્બરના રોજ મળનારી સામાન્ય સભામાં નિર્ણય કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૩મીએ સરદાર પટેલ હોલમાં પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષપદે મળશે. બપોરે ૩ વાગે મળનારી આ સામાન્ય સભા વિપક્ષ કોંગ્રેસ દ્વારા પ્રશ્નોત્તરીના સમયમાં સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાના પ્રયાસો કરાશે તેમ જાણવા મળેલ છે.

આ બેઠકમાં રેતી કાંકરીની ગ્રાન્ટ સદરે સૂચવવાના થતા વિકાસ કામોની પણ ચર્ચા કરવામાં આવશે. જિલ્લા પંચાયતમાં સભ્યોના વિસ્તાર વિકાસના એક

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટ માટે વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ

**સ્ટ્રીટ લાઇટના થાંભલાને વિટળાયેલી ડાળીઓનુ યોગ્ય ટ્રીમીંગ થાય તે અનિવાર્ય : સેકટરોના રીંગ રોડ સહીત આંતરિક માર્ગો પર પુરતું અજવાળું પથરાતું નથી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ આડશરૂપ બની છે. જેના લીધે સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પર પુરતુ અજવાળુ પડતુ નથી રાત્રિના સમયે સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડે છે. વરસાદી દિવસોમાં કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટ લબુક ઝબુક થતી જોવા મળે છે. જયારે થાંભલાને વિંટળાયેલી વૃક્ષોની ડાળીઓના લીધે પણ માર્ગો પર અંધારુ જોવા મળે છે.

ગાંધીનગરમાં વરસાદી વાયરો નિખરતા સેકટરોમાં વરસાદી સમસ્યાઓ જટીલ બની છે. જેના લીધે સેકટરવાસીઓ પરેશાન છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે મચ્છર તેમજ જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. એકબાજુ ડેન્ગ્યુ , ચિકનગુનિયા તેમજ મેલેરીયા સહીત વાયરલ તાવના કેસો વધી રહ્યા છે. ત્યારે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે યોગ્ય સમયે દવા છંટકાવ સહીતના પોરાનાશક કામગીરી હાથ ધરવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવે તેવી પણ માંગ પ્રબળ બની છે. બીજીતરફ સેકટરોમાં વરસાદી દિવસોમાં રાત્રિના સમયે કેટલાક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હાલતમાં હોવાથી સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડે છે. તો કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે વૃક્ષોની ડાળીઓ આડશ બનતા માર્ગો પર પુરતુ અજવાળુ પડતુ નથી. વરસાદી દિવસોમાં વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે આડશ બની છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર અંધારુ જોવા મળે છે. વરસાદી દિવસોમાં માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. ત્યારે માર્ગો પર પુરતુ અજવાળુ ન પથરાતા સેકટરવાસીઓને પરેશાની વેઠવી પડે છે. નવા સેકટરોમાં કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ લબક ઝબક થતા નજરે પડે છે. જો કે સ્ટ્રીટ લાઈટો ચાલુ હોય તેવા કિસ્સામાં પણ સેકટરોના રીંગ રોડ સહીત આંતરિક વિસ્તારમાં વૃક્ષોની ડાળીઓનુ યોગ્ય ટ્રીમીંગ કરવામાં આવે તેવી માંગણી પણ ઉઠવા પામી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com